**રે. દિ. દાવા નં. ૧૩૬/૧૮**

**આંક– ૨૯ નું સાંધાણ**

**સોગંદઆપ્યા**

## ઉલટ તપાસ – વાદી તરફે વિ. વ.શ્રી જે. કે. ઠકકર

એ વાત ખરી છે કે, હું હાઉસવાઈફ છું કોઈ વેપાર કે વ્યવસાય કરતી નથી. મે ભાગીદારી કરાર અસલ જોયેલો છે. એ વાત ખરી છે કે, તે ભાગીદારી કરારમાં કોઈ ભાગીદારનું અવશાન થાય તો બાકી રહેતા ભાગીદારોએ મરનારના વારસદારમાંથી કોને ભાગીદાર તરીકે લેવો તે લેવાનું નકકી કરવાનું બાકી રહેતા ભાગીદારોને સત્તા હતા. એ વાત ખરી નથી કે, મે મારા સોગદનામામાં મારા મોટાભાઈ રવિલાલ ભગવાનજી ભાગીદાર તરીકે લેવાનું નકકી કરેલ છે તેવુ ખોટું લખેલ છે.એ વાત ખરી નથી કે, રવિલાલ ને ભાગીદાર તરીકે લેવા માટે અમોએ જીતેન્દભાઈ કે અમૃતલાલભાઈને જાણ પણ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા સોગદનામામાં ત્રીજા ભાગીદારની જગ્યા ખાલી છે તે ખોટું લખેલ છે. એ મને ખબર નથી કે,

**સવાલ –:** ભગવાનજીભાઈના અવશાન પછી તેમનો ભાગ જીતેન્દ ભાઈને આપી દેવામાં આવેલ છે તે વાત સાચી છે ?

**જવાબ –:** મારા અવશાન પછી બીજા વારસદારને શુ કામ ન આપે.

એ વાત ખરી નથી કે, અમને ભગવાનજીભાઈ નો હિસાબ જોઈલો અને નિકળતી રકમ લઈ જાવ તેવી નોટીશ થી જાણ કરેલ છે. એ વાત ખરી નથી

---
સાહેદની સહી

કે, તમને જાણ કર્યા પછી એક વખત પણ હીસાબ લેવા ગયા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે બે થી ત્રણ વખત ગયેલા. એ વાત ખરી નથી કે, મુખ્ય તપાસનું સોગદનામું મે રવિલાલભાઈનાં કહેવાથી કરેલ છે. એ વાત ખરી નથી કે, મારે અમૃતભાઈ અને જીતેન્દ્રભાઈ સાથે સાળા સબંધ હોવાના કારણે રવિલાલભાઈને ટેકો આપવા માટે ખોટી રીતે કોર્ટ જુબાની આપવા આવેલ છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

___________________

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૩– ૦૨ – ૨૦૨૩
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

___________________

સાહેદની સહી

---

સાહેદની સહી